# અરવલ્લીમાં મેઘરાજા મનમુકીને વરસે તેની રાહ જોતા ખેડૂતો

## ખાતર, બિયારણની ખરીદી માટે બજારોમાં ભીડ : શાકભાજીના ભાવમાં ઉછાળો આવતા ગૃહીણીઓ પરેશાન

રાજ્યભરની સાથે અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ સોમવારે મોડી સાંજે ભારે પવન સાથે મેઘરાજાની પધરામણી થતા જિલ્લાવાસીઓમાં આનંદ છવાયોહતો. ચોમાસાની અત્યાર સુધીનો સૌથી વધુ વરસાદ સોમવારે મોડી રાત્રે ભારે પવન સાથે ખાબકતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. ચોમાસાની ધમાકેદાર એન્ટ્રીના સપ્તાહ બાદ પુનઃ મેઘરાજા મહેરબાન થતા જિલ્લાના બજારોમાં પ્લાસ્ટીક, ખાતર, બિયારણ, દવાઓની ખરીદી અર્થે ભીડ જોવા મળતી હતી. ખેડૂતમિત્રો મેઘરાજા મનમુકીને વરશે તેની રાહ જોઈ રહ્યા છે. ચોમાસાના આગમન સાથે શાકભાજીના ભાવોમાં તીવ્ર ઉછાળો આવતા ગૃહીણીઓના બજેટ ખોરવાઈ ગયા છે. ૨૦ રૂપિયાથી ઓછા ભાવે મણ વેચાતા ફ્લાવરનો ભાવ કિલોએ ૮૦એ પહોંચ્યો છે.



અરવલ્લી જિલ્લામાં રથયાત્રાના અંતિમ ચરણમાં પહોંચી હતી ત્યારનો જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સોમવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે ભારે પવન અને વીજકડાકા સાથે વરસાદ વરસ્યો હતો. સાંબેલાધાર વરસાદ મોડાસામાં ૪૧ એમ.એમ., ભિલોડામાં ૫૬ એમ.એમ., ધનસુરામાં ૪૧ એમ.એણ., બાયડમાં ૫૨ એમ.એમ., માલપુરમાં ૫૭ એમ.એમ. અને મેઘરજમાં ૪૭ એમ.એમ. ખાબકયો હતો. જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા અસહ્ય બફારો અને સતત ગરમીમાં શેકાતી પ્રજાને આંશિક રાહત અનુભવી હતી. વાવાઝોડા સાથે વરસાદ ખાબકતા વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ અને મોડાસામાં લગાવેલ જાહેરાતના હોર્ડિંગ્સ બોર્ડ મહદઅંશે તુટી ગયા હતા.

ભારે વરસાદની જિલ્લાની પ્રજા ચાતક નજરે રાહ જોઈને બેઠી છે. પરંતુ વરસાદના ભારે ઝાપટા વરસે છે. ખેડૂતોની અપેક્ષા પ્રમાણેનો વરસાદ વરસ્યો ન હોવાથી વાવણીકાર્ય માટે મોટાભાગના ખેડૂતો અસમંજસમાં છે. રવિવારથી જિલ્લામાં વરસાદનુ આગમન જોવા મળ્યુ હતુ. સોમવારે પણ સમગ્ર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. મંગળવારે વરસાદી છાંટા પડ્યા બાદ દિવસ દરમિયાન ગરમી અને અસહ્ય બફારો અને ઉકળાટથી તોબા પોકારી ઉઠેલી જનતા મંગળવારે પણ અગાઉના બે દિવસ પડેલા વરસાદની જેમ વરસાદની રાહ જોઈ બેઠી હતી. અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં ઠંડક પ્રસર્યા બાદ અસહ્ય ઉકળાટથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે.

# મોડાસા યુજીવીસીએલ તંત્રની બેદરકારીનો ભોગ બનતા નગરજનો

## વડાપ્રધાન મોદીના આગમનની તૈયારીઓ અને પ્રિ-મોન્સુન પ્લાનના નામે છાશવારે વીજપુરવઠો બંધ કરતા અધિકારીઓ

મોડાસા, તા. ૨૭

મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં યુજીવીસીએલની કથળતી સેવાઓને કારણે લોકોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. દર સાલ ચોમાસાની ઋતુમાં વીજળીના ધાંધીયા સર્જાતા હોઈ લોકો પરેશાન થઈ ઉઠ્યા છે. ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ જૂને મોડાસાના આંગણે આવી રહ્યા છે ત્યારે વિજ સુવિધા ના ખોરવાય તે માટે મોડાસા યુજીવીસીએલના અધિકારીઓ અને કર્મચારીઓ પ્રી પ્લાન હેઠળ વારંવાર મોડાસા શહેરના અનેક વિસ્તારોનો સમારકામના હેઠળ વીજપુરવઠો બંધ કરી દેવાતા લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ધોમ ધખતા તડકા અને ગરમીમાં પ્રી મોન્સુન પ્લાનના નામે વીજપુરવઠો અઠવાડિયામાં એકવાર બંધ



રાખવા છતાં ચોમાસાની ઋતુમાં વરસાદના છાંટા પડતાની સાથે વીજળીડુલ થઈ જતા તંત્રની ઘોર બેદરકારી સામે આવી રહી છે.

હાલમાં વરસાદની સીઝનમાં પવન ફૂંકાવા સાથે જ લાઈટો ડૂલ થઈ જવાની ઘટનાઓને કારણે લોકોને ગરમી અને ઉકળાટમાં વીજળી વિના બફારાનો સામનો કરવો પડી રહ્યો છે. કલાકે સુધી લાઈટો નહિ આવતા લોકોને ગરમીમાં તકલીફ પડી રહી છે. વીજળીનુ બીલ ભરવામાં મોડુ થાય તો તુરતજ વીજ કનેક્શન કાપવા વીજ કર્મીઓ પહોંચી જાય છે. પણ ઉનાળાની કાળઝાળ ગરમીમાં વીજ પુરવઠો બંધ રાખી મેઈટેનન્સના નામે દેખાડો કરનારા વરસાદમાં વીજળી ડુલ થી જાય છે ત્યારે વીજતંત્રવાળા ક્યાં સુઈ જાય છે તેવા પ્રશ્નો સામાન્ય બન્યા છે. વીજતંત્રની બેદરકારીને કારણે લોકોમાં ભારોભાર રોષની લાગણી ફરી વળી છે. હજી તો ચોમાસાની ઋતુનો પ્રારંભ જ થયો છે. ત્યાં આવી દશા છે તો ચોમાસાની જામેલી ઋતુમાં ભરપુર વરસાદમાં વીજળી ડુલ થઈ જશે ત્યારે નગરજનોની દશા માઠી બનશે તેવુ અનુભવાઈ રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ જૂને મોડાસામાં આવી રહ્યા છે ત્યારે યુજીવીસીએલ તંત્ર આમ આદમીના ભોગે વડાપ્રધાનની સભા સ્થળની તડામાર તૈયારીઓમાં વીજ પુરવઠો ખોરવાઈ નહિ તેની તકેદારીની નામે વારંવાર વીજપુરવઠો ખોરવતા લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનની સરભરા કરવામાં આમ આદમીને કોરાણે મુકી દેવાના અને તેમની મુશ્કેલીઓ વડાપ્રધાનના નામે તંત્ર તેની બેદરકારી છુપાવી રહ્યુ હોય તેવુ પ્રજાજનો અનુભવી રહ્યા છે.

# પાલનપુર ખાતે કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા યોજાયેલ ત્રિ-દિવસીય પ્રદર્શનનો પ્રારંભ

પાલનપુર, તા. ૨૭

પાલનપુર મુકામે ગોબરી રોડ ઉપર આવેલ લાયન્સ હોસ્પિટલ ખાતે કલાઈમેટ ચેન્જ વિભાગ ગુજરાત સરકાર દ્વારા જનજાગૃતિ માટે યોજાયેલ ત્રિદિવસીય પ્રદર્શનનો પ્રારંભ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતિ નિલમબેન જાનીના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું કે કલાઈમેટ ચેન્જ સમગ્ર વિશ્વ માટે પડકારરૂપ સમસ્યા છે ત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સુચના અને માર્ગદર્શન અનુસાર હાથ ધરાયેલ વિરાટ અભિયાન પ્રેરણાદાયી છે. તેમણે કહ્યું કે આ પ્રદર્શનથી લોકોની જાગૃતિમાં સારો વધારો થશે. પ્રમુખશ્રીએ લોકોને અને શાળા કે કોલેજોમાં ભણતા વિધાર્થીઓને આ પ્રદર્શનને રસપૂર્વક નિહાળવા અનુરોધ કર્યો હતો.

ગુજરાત સરકારના કલાઈમેટ ચેન્જ વિભાગના જોઈન્ટ સેક્રેટરી મુકેશ શાહે જણાવ્યું કે કલાઈમેટ ચેન્જ વિશે લોકોની જાગૃતિમાં નોંધપાત્ર વધારો થાય અને આપણે સૌ સાથે મળી ગુજરાતને સ્વચ્છ અને હરીયાળુ ગુજરાત બનાવીએ તે માટે રાજયભરમાં આવા પ્રદર્શન અને વિવિધ પ્રવૃત્તિઓ થકી વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેમણે પ્રદર્શનને નિહાળી તેમાંથી પ્રેરણા અને માહિતી મેળવી સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ પ્રદર્શન સવારે ૧૦ થી સાંજના ૭ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લુ રહેશે.



## ખેડબ્રહ્મા રેલવે કંપાઉન્ડમાં ગંદકીના ઢગ

ખેડબ્રહ્મા શહેરમાં આવેલ રેલવે કંપાઉન્ડમાં વરસાદી માહોલમાં પાણી ભરાતા આજુબાજુના રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. ખેડબ્રહ્મા શહેરમાં રેલવે સ્ટેશનનુ છેલ્લુ સ્ટેશન આવેલ છે અને જેને રેલવે તંત્ર દ્વારા અમદાવાદ હિંમતનગર રેલવે લાઈનના રૂપાંતર કરવાનુ શરૂ કરાતા ખેડબ્રહ્મા રેલવે સ્ટેશન બંધ કરી દેવામાં આવેલ છે. જેને લઈ શહેરમાં પ્રથમ વરસાદ વરસતા જ કંપાઉન્ડમાં પાણી ભરાવવા માંડ્યા છે. જેને લઈ મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. રેલવે કંપાઉન્ડમાં મીની ચેકડેમ જેવી પરિસ્થિતિ સર્જાવા પામી છે. જેથી આજુબાજુના રહીશોને નાક દબાવી રહેવાનો વારો આવ્યો છે. આ કંપાઉન્ડમાં વરસાદના કારણે ઝાડી ઝાખરા ઉગી નીકળવાના કારણે આજુબાજુના રહીશો દ્વારા શૌચક્રિયા કરવા માટે ખુલ્લેઆમ ઉપયોગ કરી સરકારના સ્વચ્છ ભારત મીશનના ધજાગરા ઉડાવી રહ્યા છે. કાંટાળા બાવળની આડમાં દેશી દારૂ પીનારાઓને સ્વર્ગ સમી જગ્યા મળી ગઈ છે. જુગાર રમતા લોકો આખો દિવસ રેલવે કંપાઉન્ડમાં જ પડ્યા પાથર્યા રહે છે.



પાલનાપુરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું શહેરની જુસ્મા મસ્જિદ પાસે વર્ષોથી પરંપરાગત રીતે મુસ્લિમ કાદરી પરિવાર દ્વારા પુષ્પહાર અને પુષ્પવૃષ્ટિ કરી આ વર્ષે પણ કાદરી પરિવારના મકબુલમીયા મહેબુબમીયા કાદરી, શહેર કાજી સાહેબ અને મુસ્લિમ અગ્રણીઓ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરી કોમી એકતાનુ ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ.

## શ્રી ગજ્જર સુથાર સમાજ ગુજરાતના પ્રમુખપદે ઠાકોર મિસ્ત્રીની વરણી

ગાંધીનગર, તા. ૨૭

ગજ્જર સુથાર સમાજ ગુજરાતની રાજ્યકક્ષાની બેઠક મળી હતી. જેમાં સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ઠાકોર મિસ્ત્રીની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી.

મિસ્ત્રી સુથાર સમાજ ગુજરાતના મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી જ્ઞાતિજનોને છેલ્લા ૨૫ વર્ષથી સમાજનું મજબુત સંગઠન થાય તે માટે પ્રયત્નશીલ છે. મિસ્ત્રી રાષ્ટ્રીયસ્તરે અખિલ ભારતીય વિશ્વકર્મા વંશજ સર્વોત્થાન સંગઠનના પ્રભારી મંત્રી છે.

તા. ૪થી ફેબ્રુઆરી ૨૦૧૮એ ૧૧મો સમૂહલગ્નોત્સવ ધર્મજ જલારામ મંદિરમાં તેઓની રાહબરી હેઠળ યોજાશે.જ્ઞાતિજનોને બક્ષીપંચના લાભો, કેન્દ્રીય ઓબીસીમાં સમાવેશ માટે ભારે જહેમત ઉઠાવી હતી.




મોડાસા સુથારીકામ એસોસિએશન અને પિડીલાઈટ ફેવિકોલ કંપની તરફથી માયુરભાઈ પંચાલ, અનિલભાઈ પંચાલ, રાવીભાઈ સુથાર, કમલેશભાઈ મિસ્ત્રી અને તમામ સુથારી કામ કરતા ભાઈઓ તરફથી રથયાત્રા નિમિત્તે મોડાસામાં ઠંડુ પાણી તથા ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ભિલોડા તાલુકાના પાલ્લા ગામમાં વડાપ્રધાનના આગમન નિમિત્તે સફાઈ અભિયાન

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પાલ્લા ગામમાં વડાપ્રધાનના આગમન નિમિત્તે સફાઈ અભિયાન અને સત્યનારાયણની કથાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ ગજાનંદભાઈ પ્રજાપતી, પુર્વ જીલ્લા પંચાયત સદસ્ય નાનજીભાઈ કલાસવા, પાલ્લા ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ શંભુભાઈ ઠાકોર, ભિલોડા તાલુકા વિકાસ અધિકારી રાકેશભાઈ પટેલ, પાલ્લા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભારત દેશના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અરવલ્લી જીલ્લાના મોડાસાના આંગણે આવી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં આનંદની લાગણી પ્રસરી છે. જીલ્લાભરમાં વડાપ્રધાનના આગમન પુર્વે તાડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## ચીન ભયમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીનની સામે મોરચા બનાવવાની બાબત ભારતના હિતમાં નથી. આના વિનાશકારી પરિણામ આવી શકે છે. ભારત ચીનનો સામનો કરવા માટે આગળ વધવા માટે ઈચ્છુક છે. આનાથી દક્ષિણ એશિયામાં નવી દુવિધાની સ્થિતિ સર્જાશે. મોદી અને ટ્રમ્પની વાતચીતમાં સરહદ સાથે જોડાયેલા વિવાદ અને દરિયાઈ વિવાદને શાંતિપૂર્ણરીતે પારસ્પરિક વાતચીત અને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ઉકેલવાની અપીલ કરવામાં આવી હતી. સાઉથ ચાઈના સીમાં ચીન સતત પોતાના દાવાથી ભારત ઉપર દબાણ લાવવાના પ્રયાસમાં રહે છે. ભારતની સાથે તે સરહદી વિવાદ ધરાવે છે. મોદી અને ટ્રમ્પે સંયુક્ત નિવેદનમાં કહ્યું હતું કે, ભારત-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ માટે અમેરિકા અને ભારત પોતાની ભાગીદારીને વધારે મજબૂત કરશે. ચીનના લીડરોમાં પણ ખળભળાટ મચી ગયો છે. ચીની મિડિયાની સામે અમેરિકી મિડિયાએ પણ જવાબો આપ્યા છે. અમેરિકી મિડિયાના કહેવા મુજબ ચીનને નારાજ કરવા અને તેને ઉશ્કેરવાના હેતુસર મોદી અને ટ્રમ્પે આ પ્રકારનું વલણ અપનાવ્યું છે. પાકિસ્તાનના અખબારનું પણ કહેવું છે કે, મોદી અને ટ્રમ્પ વચ્ચેની મિત્રતા ખુબ જ પડકારરુપ બની શકે છે. વ્હાઈટ હાઉસના અધિકારીઓને ટાંકીને અખબારમાં કહેવામાં આવ્યું છે કે, મોદી અને ટ્રમ્પ વચ્ચે જે મિત્રતા દેખાઈ રહી છે તે હકીકતમાં ચીનના પ્રમુખ શી જિંગપિંગને ઉશ્કેરવાના હેતુસર છે. ટ્રમ્પે માત્ર મોદીની પ્રશંસા જ કરી નથી બલ્કે ભ્રષ્ટાચારની સામે લડાઈને પણ યોગ્ય ગણાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે મોડી રાત્રે વ્હાઈટ હાઉસમાં ઐતિહાસિક સફળ બેઠક યોજી હતી.

આ સફળ બેઠક બાદ બંને નેતાઓએ વ્હાઈસ હાઉસમાં એક સંયુક્ત નિવેદન જારી કર્યું હતું. જેમાં બંને નેતાઓએ પાકિસ્તાનને સ્પષ્ટપણે ચેતવણી આપતા સરહદ પારથી ત્રાસવાદને બંધ કરવા કહ્યું હતું. સાથે સાથે આતંકવાદીઓ સામે નક્કર પગલા લેવાની પણ સૂચના આપી હતી. નરેન્દ્ર મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આ પ્રથમ મુલાકાત હતી. આ વાતચીતમાં તમામ દ્વિપક્ષીય મુદ્દા છવાયા હતા.

## મુલાકાત સફળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને મોદી વચ્ચે વાતચીત દરમિયાન વેપાર, સુરક્ષા, દ્વિપક્ષીય સહકાર, અફઘાનિસ્તાનમાં સ્થિરતા સ્થાપિત કરવાના પ્રયાસોનો સમાવેશ થાય છે. ટ્રમ્પ સાથેની વાતચીતમાં સૌથી વધુ ત્રાસવાદનો મુદ્દો છવાયો હતો. બંને દેશોએ આતંકવાદની સામે મળીને લડવાની પ્રતિજ્ઞા કરી હતી. સાથે સાથે પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત આતંકવાદને લઈને લાલઆંખ કરી હતી. આતંકવાદ પર ગંભીરતાથી કાર્યવાહી કરવા પાકિસ્તાનને સૂચના આપી હતી. સંયુક્ત નિવેદનમાં બંને નેતાઓએ પાકિસ્તાનને કહ્યું હતું કે, પોતાની જમીનનો ઉપયોગ ત્રાસવાદીઓને કરવાની તક ન મળે તેવા પ્રયાસ કરવા જોઈએ. સાથે સાથે પોતાની જમીન ઉપર સક્રિય રહેલા આતંકવાદી સંગઠનોની સામે કાર્યવાહી કરવા માટે પણ કહ્યું હતું. આતંકવાદ ઉપરાંત અન્ય મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ હતી. ત્રાસવાદની સામે જારી લડાઈને વધુ મજબૂત કરવા તથા ત્રાસવાદીઓને મળી રહેલી સુરક્ષિત જગ્યાઓને ખતમ કરવાની પણ વાત કરવામાં આવી હતી. મોદીએ ટ્રમ્પની સાથે થયેલી પોતાની વાતચીતને ભારત અને અમેરિકાના સંબંધોમાં એક મહત્વપૂર્ણ પેજ તરીકે ગણાવીને પ્રશંસા કરી હતી. ટ્રમ્પ સાથે વ્હાઈસ હાઉસમાં આયોજિત પોતાના સંયુક્ત નિવેદનમાં મોદીએ કહ્યું હતું કે, ત્રાસવાદને ખતમ કરવાની અમારી પ્રથમ પ્રાથમિકતા છે. સંયુક્ત નિવેદનમાં અનેક મુદ્દાઓ છવાયા હતા.

ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો દિન પ્રતિદિન વધુ મજબૂત થઈ રહ્યા છે. હાલમાં જે સંબંધ છે તેવા સંબંધ અગાઉ ક્યારેય ન હતા. વાતચીત પહેલા ટ્રમ્પે અમેરિકા સાથે લશ્કરી સંસાધનોની ખરીદીના ઓર્ડર આપવા માટે ભારતનો આભાર માન્યો હતો. ટ્રમ્પે જીએસટીની પ્રશંસા કરી હતી. જીએસટીને ભારતના સૌથી મોટા ટેક્સ સુધારા તરીકે ગણાવ્યા હતા. ભ્રષ્ટાચાર સામે લડવામાં મોદી સરકારની પણ પ્રશંસા કરી હતી.

## આતંકવાદી જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમેરિકાના વિદેશ મંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સપ્ટેમ્બર ૨૦૧૬માં સલાઉદ્દીને કાશ્મીર વિવાદને ઉકેલવાના કોઈપણ શાંતિ પ્રયાસોને ખોરવી નાંખવાની વાત કરી હતી. વધુને વધુ કાશ્મીરી યુવાનોને આત્મઘાતી બોંબરો બનાવવાની ચેતવણી આપી હતી. સાથે સાથે કાશ્મીર ખીણને સુરક્ષા દળો માટે કબ્રસ્તાન બનાવી દેવાની વાત કરી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, હિઝબુલના લીડર હોવાના ગાળા દરમિયાન સલાઉદ્દીનના નેતૃત્વમાં હિઝબુલે જમ્મુ કાશ્મીરમાં એપ્રિલ ૨૦૧૪માં થયેલા બોંબ બ્લાસ્ટ સહિત અનેક ત્રાસવાદી હુમલાની જવાબદારી લીધી હતી. અનેક આતંકવાદીઓની સાથે મળીને સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવ્યા હતા. સઈદ સલાઉદ્દીનને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવામાં આવતા ભારતની મોટી જીત થઈ છે. પાકિસ્તાન ઉપર ત્રાસવાદીઓ સામે વધુ દબાણ લાવવામાં આવ્યું છે. પાકિસ્તાન સામે કાર્યવાહી કરવાની ચેતવણી ડોનાલ્ડ ટ્રમ્પ પહેલાથી જ આપી ચુક્યા છે. અમેરિકા પહેલાથી જ કહી ચુક્યું છે કે, વૈશ્વિક આતંકવાદને ખતમ કરવા માટે તે કટિબદ્ધ છે. ભારત વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્ર હોવાની કબૂલાત ડોનાલ્ડ ટ્રમ્પે કરી હતી.

## નાણાંકીય વર્ષ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલી એપ્રિલથી ૩૧મી માર્ચ સુધી નાણાંકીય વર્ષને હજુ સુધી ગણવામાં આવે છે. ૧૮૬૭માં આ પ્રક્રિયા અપનાવવામાં આવી હતી. બ્રિટિશ સરકારના શાસન દરમિયાન આની શરૂઆત થઈ હતી. ત્યારબાદથી નાણાંકીય વર્ષ પહેલી મેથી શરૂ થાય છે અને ૩૦મી એપ્રિલના દિવસે પૂર્ણ થાય છે. મોદીએ નાણાંકીય વર્ષને કેલેન્ડર વર્ષ સાથે જોડી દેવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવ્યા બાદ સરકારે ગયા વર્ષે પહેલી જાન્યુઆરીથી નાણાંકીય વર્ષને શિફ્ટ કરી દેવાની શક્યતાને ચકાસવા ઉચ્ચસ્તરીય કમિટિની રચના કરી હતી. આ કમિટિએ ડિસેમ્બરમાં નાણા પ્રધાનને તેનો અહેવાલ સોંપી દીધો હતો.

## આધાર જરૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, જે લોકોની પાસે આધાર કાર્ડ નથી તે લોકો પેન કાર્ડની સાથે આઈટી રિટર્ન દાખલ કરી શકે છે. કોર્ટે આની સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, જે લોકોની પાસે આધાર કાર્ડ છે તે લોકોને પેન સાથે આધારને લિંક કરવાની બાબત કરવાની રહેશે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે, જે લોકો પાસે આધાર કાર્ડ નથી તે લોકોને આ બાબત માટે ફરજ પાડી શકાય નહીં કે, પેન સાથે આધારને લિંક કરવામાં આવે. કોર્ટે સાથે સાથે ઈન્કમટેક્સની કલમ ૧૩૯ (એએ)ને યોગ્ય ઠેરવી હતી પરંતુ સાથે સાથે કોર્ટે એમ પણ કહ્યું હતું કે જે લોકોની પાસે આધાર કાર્ડ નથી તે લોકો પેનને સરકાર ફગાવી શકે નહીં. સુપ્રીમ કોર્ટે આ મામલામાં દાખલ કરવામાં આવેલી અરજી ઉપર અગાઉ ચુકાદો અનામત રાખ્યો હતો. પેન કાર્ડ માટે આધારને ફરજિયાત કરવાના ચુકાદાની સામે દાખલ કરવામાં આવેલી અનેક અરજીઓ પર તર્કદાર દલીલો કરવામાં આવી હતી. અરજીદારોએ એવી દલીલ કરી હતી કે, સુપ્રીમ કોર્ટે પોતાના આદેશના આધારને સ્વૈચ્છિક રાખવા માટે કહ્યું હતું પરંતુ સરકાર આ આદેશને ઓછા કરવામાં લાગેલી છે. અરજીદારોએ એવી દલીલ પણ કરી હતી કે, સુપ્રીમ કોર્ટના આદેશની પવિત્રતાને જાળવવાની જરૂર છે. સરકાર તેને કોઈપણરીતે નજરઅંદાજ કરી શકે નહીં. જો આવું કરવામાં નહીં આવે તો એક ખોટી પરંપરા શરૂ થઈ જશે.

## ખેતીમાં જોતરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મગફળીનું વાવેતર ગાંધીનગરમાં ૭૨૦ હેક્ટર, કલોલમાં ૫૧૪ હેક્ટર અને માણસામાં ૧૫૫ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે.

શાકભાજીના પાકોનુ વાવેતર પણ ગાંધીનગરમાં ૧૫૮૬, માણસામાં ૧૦૩૬ અને કલોલ-માણસામાં થઈ ૧૧૦૦ હેક્ટર વિસ્તારમાં થયાનુ જાણવા મળેલ છે. ઘાસચારાનું સૌથી વધુ વાવેતર માણસા પંથકમાં નોંધાયુ છે. ગાંધીનગરમાં પણ ૯૭૩૧ હેક્ટર વિસ્તારમાં ઘાસચારાનુ વાવેતર થયુ છે. જિલ્લામાં પશુપાલન એ મહત્વનુ સ્થાન ધરાવતુ હોવાથી અહિ ઘાસચારાનુ વાવેતર સારૂ નોંધાયુ છે.

જિલ્લામાં ફેર રોપણીના પાકોનું વાવેતર પણ નોંધાયુ છે. જો કે કઠોળ પાકોના વાવેતરમાં ખેડૂતોએ આ વખતે ઓછો રસ દાખવ્યો છે. તમાકુનુ વાવેતર કલોલ પંથકમાં ૧૦ હેક્ટર નોંધાયુ છે તો તુવરનુ વાવેતર પણ ૧૪ હેક્ટરમાં નોંધાયુ છે.

## ટ્વીટર હેન્ડલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટવીટર હેન્ડલ શરૂ થયાના બે દિવસમાં વિવિધ જિલ્લાઓમાંથી નાગરિકોની રજૂઆતો સંબંધિત કલેકટરોના ટવીટર પર આવી છે અને જે તે કલેકટરો દ્વારા તેના નિવારણ માટેના પ્રોએક્ટિવ અભિગમ અપનાવ્યા છે. પારદર્શિતા અને ત્વરિત નિર્ણાયકતાની પ્રતિતિરૂપ આ ટવીટર હેન્ડલ દ્વારા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ, નિર્ણયોની જાણકારી મળી રહેશે. એટલું જ નહીં વરસાદ-પૂર-વાવાઝોડા જેવી કુદરતી પરિસ્થિતિમાં મદદ-સહાય અને આગોતરી જાણકારી પણ ત્વરાએ નાગરિક સમૂદાયો સુધી પહોંચાડી શકાશે. ગુજરાતની આ પહેલને ટવીટર-સોશ્યલ મીડિયામાં વ્યાપક આવકાર અને પ્રસંશા પ્રાપ્ત થઈ રહ્યા છે.

આ નવતર પ્રયોગ-પહેલને દેશના અન્ય રાજ્યોએ પણ ફોલો કરવી-અનુસરવી જોઈએ તેવા અભિપ્રાયો નાગરિકો તરફથી આ ટવીટર હેન્ડલ પર મળી રહ્યા છે. અગ્રસચિવ પંકજ કુમારે આ અંગે જણાવ્યું કે, લોકોપયોગી, લોકો માટે અને લોકહિત કાર્યો-યોજનાઓને ઝડપથી પહોંચાડવામાં તેમજ જન ફરિયાદ નિવારણમાં પારદર્શિતા ત્વરા લાવવામાં અને રાજ્ય સરકારની ભાવિ યોજના-ભાવિ આયોજનો અંગે લોકોને જાણકારી આપવા તથા જનજાગૃતિ માટે આ ટવીટર હેન્ડલ એક નવું સિમાચિન્હ બનશે.